Managed by: E-mail : javbharatiesc@...

# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી

જિલ્લા સેવા સદન કેમ્પસ, જુની કોર્ટ બિલ્ડીંગમાં, નાનપુરા, સુરત

ફોન/ફેક્સ :૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિ.જા/૨૦૨૧-૨૨/૧૫૨૭. તા.૨૩/૦૮/૨૦૨૧

તાત્કાલીક/સમય મર્યાદા નેશનલ સ્કોલરશીપ પોર્ટલ

પ્રતિ,

૧) શાસનાધિકારીશ્રી,સુરત.

૨) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.

૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરત.

૪) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરત.

૫) આચાર્યશ્રી,સરકારી, ગ્રાંટ ઈન એઈડ અને ખાનગી - પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા, તમામ, જિ.સુરત

૬) આચાર્યશ્રી, સરકારી, ગ્રાંટ ઈન એઈડ અને ખાનગી - કોલેજ તમામ, જિ.સુરત.

૭) આચાર્યશ્રી, સરકારી, ગ્રાંટ ઈન એઈડ - આઈ.ટી.આઇ તમામ, જિ.સુરત.

વિષય: ધાર્મિક લઘુમતિની પ્રિ-મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ યોજનામાં શાળા/કોલેજ/સંસ્થાએ (INO – Institute Nodal Officer) નું Aadhaar based demographic Authentication કરવા બાબત.

સંદર્ભ: નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્ર ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૬૯૮ થી ૭૨૯, તા.૧૩/૦૮/૨૦૨૧.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, Ministry of Minority Affairs, New Delhi ની સુચનાથી NIC Delhi ના તા.૦૨/૦૮/૨૦૨૧ ના પત્રની સૂચના મુજબ પ્રિ-મેટ્રીક, પોસ્ટ-મેટ્રીક અને મેરિટ-કમ-મીન્સ શિષ્યવૃત્તિ યોજનાઓ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર ટૂંક સમયમાં ખૂલવા જઇ રહી છે. જેમાં નીચે મુજબની સૂચનાઓ તથા Aadhaar Based Demographic Authentication & KYC Registration ની PPT file માં જણાવેલ પ્રકિયા (Step-1 to 4) મુજબ રજીસ્ટ્રેશનની કામગીરી ફરજીયાત કરવાની રહેશે. તેથી આ સાથે સામેલ PPT file નો પૂરતો અભ્યાસ કર્યા પછી જ કાર્યવાહી કરવા વિનંતી છે.

આપના તાબા હેઠળની તમામ શાળા/કોલેજ/સંસ્થાઓ એ (INO – Institute Nodal Officer) નું Aadhaar based demographic Authentication ની પ્રકિયા ફરજીયાત કરવાની રહેશે. જેના માટે INO એ NSP Portal પર તેમનો આધાર નંબર આપવાનો રહેશે. આ પ્રકિયા દરમિયાન જનરેટ થયેલ OTP, INO ના આધાર સાથે નોંધાયેલ મોબાઇલ નંબર પર મોકલવામાં આવશે. NSP એ જ મોબાઇલ નંબર ભવિષ્યમાં તમામ SMS અને OTP મોકલવા માટે ઉપયોગમાં લેશે. નવી સંસ્થાના નોડલ અધિકારીના KYC Registration માટેની પ્રકિયા પણ આજ રીતે કરવાની રહેશે. તેથી INO ના NSP (https://scholarships.gov.in) લોગીનમાં Administration માં Update Profile ના Option માં જઇને Contact Person Details માં INO ના આધારકાર્ડ મુજબની વિગતો ભરવાની રહેશે અથવા આ સાથે બિડાણ કરેલ PPT file મુજબ પ્રકિયા કરવાની રહેશે. તેમજ NSP પર KYC ની પ્રકિયા પૂર્ણ થયા પછી જ NSP Portal માં શિષ્યવૃત્તિની કાર્યવાહી માટેના Option કાર્યરત થશે. જેની ખાસ નોંધ લેશો. આ પ્રકિયામાં INO નો ઓળખનો

2815



Scanned with CamScanner

પુરાવો (આધારકાર્ડ/વોટર આઇ.ડી./ડ્રાઇવિંગ લાયસન્સ) અને શાળા/કોલેજ/સંસ્થાની અન્ય વિગતો (શાળા/કોલેજ/સંસ્થાની - મંજુરી/ માન્યતા પત્ર વિગેરે જેવી બાબતો) અપલોડ કરવાની રહેશે. જે ફક્ત PDF અથવા JPEG ફોર્મેટમાં 50 kb થી 200 kb સાઇઝમાં જ અપલોડ થઇ શકશે. જેની પણ નોંધ લેવા વિનંતી છે. એકવાર OTP Authentication સફળતાપૂર્વક થઇ ગયા પછી NSP દ્વારા જનરેટ થયેલ નિયત નમૂનાનું KYC Registration ફોર્મ - યોગ્ય રીતે હસ્તાક્ષરિત કરી, તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ લગાવ્યા બાદ અપલોડ કરેલ INO નો ઓળખનો પુરાવો તથા શાળા/કોલેજ/સંસ્થાની - મંજુરી/ માન્યતા પત્રની ખરી નકલ કરીને તથા શાળાના ફોરવર્ડીંગ પત્ર સહિત પોર્ટલ શરૂ થયેથી દિન-૧૫ માં અત્રેની કચેરીને પુરૂ પાડવાનું રહેશે.

INO ને DNO દ્વારા KYC Registration ફોર્મની મંજુરી પછી રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર ID અને Password પ્રાપ્ત થશે તેમજ ઇન્સ્ટિટ્યુટ હેડને આ બાબતે ઇન્ટીમેશન મેસેજ પણ મળશે. જો કોઇ ચોક્કસ AISHE/DISE/NCVT/SCVT કોડ માટે એકથી વધુ KYC Registration ફોર્મ સબમિટ કરવામાં આવે તો, માત્ર એક જ ફોર્મ મંજુર કરવામાં આવશે. એકવાર DNO દ્વારા એક ફોર્મ મંજૂર થઇ જાય પછી તે સંસ્થાના કોઇપણ અન્ય ફોર્મ આપમેળે Reject કરવામાં આવશે. KYC Registration ફોર્મમાં કોઇપણ સંજોગોમાં ફેરફાર કરી શકાશે નહિ. જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

તેમજ વર્ષ:૨૦૨૧-૨૨ માં NSP Portal પર ફ્રેશ/રીન્યુઅલ ફોર્મ ભરતી વખતે ફોર્મમાં આપેલ લાભાર્થી/વિદ્યાર્થીના નામ, લિંગ અને જન્મ તારીખ આધારકાર્ડમાં દર્શાવ્યા મુજબ પ્રમાણીકરણ (Aadhaar Authentication) ની પ્રકિયા શરૂ કરવામાં આવેલ છે. જેથી તમામ વિદ્યાર્થીઓને ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીનું નામ, લિંગ અને જન્મ તારીખ ફરજીયાત આધારકાર્ડ મુજબ લખવાની રહેશે. તે મુજબની સુચના આપની શાળા/કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને સત્વરે મળી જાય તેવી વ્યવસ્થા/ આયોજન કરવાનું રહેશે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ,સુરત

---

જા.નં/મા-૨/૨૦૨૧/ 12780

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨,બી-૩
અઠવાલાઇન્સ,સુરત.
તા.૦૪/૦૯/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

ર/-જાણ તથા અમલ થવા સારું.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત

Scanned with CamScanner